# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-07-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM- GUNVATTA SANKALP

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે હસ્તે આજે અમદાવાદ ખાતે ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા આયોજિત 'ગુજરાત ગુણવત્તા સંકલ્પ' કાર્યક્રમનો શુભારંભ કર્યો. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં ગુણવત્તાભર સેવા-સુવિધાઓ સાથે દેશનું ગ્રોથ એન્જિન ગુજરાત હવે વેપાર અને રોકાણ માટે વૈશ્વિક કેન્દ્ર બન્યું છે.

તેમણે યોજનાકીય લાભોને મહત્તમ લોકો સુધી પહોંચાડવાના પ્રયાસોમાં ગુણવત્તાનું પાસું જોડી નાગરિકોના ‘ઇઝ ઓફ લિવિંગ’માં વધારો કરવાની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રીએ 5G ગુજરાત એટલે કે,‘ગરવું ગુજરાત, ગુણવંતુ ગુજરાત, ગ્રીન ગુજરાત, ગ્લોબલ ગુજરાત અને ગતિશીલ ગુજરાત’માં ગુણવત્તાનો G જોડીને ગુજરાતને વિકસિત ભારતનું પ્રથમ વિકસિત રાજ્ય બનાવવા માટે સહિયારા પ્રયાસોથી ગુણવત્તા સંકલ્પ સાકાર કરવા આહવાન કર્યું હતું તેમજ ગુણવત્તાયુક્ત વિકાસ માટેનો રોડમેપ નક્કી કરતા આ કાર્યક્રમના આયોજન બદલ આયોજકોને અભિનંદન પાઠવ્યા હતા.

ગુણવત્તા સંકલ્પનો હેતુ ગુણવત્તાસભર પહેલો દ્વારા સરકારની પહેલને ટેકો આપવાનો, જમીની સ્તર પર ગુણવત્તા સ્થાપિત કરવાનો, સંબંધિત હિતધારકોને એક મંચ પર લાવવાનો છે. આ કાર્યક્રમમાં શિક્ષણ, કૌશલ્ય, ઉદ્યોગ, એમએસએમઇ, આરોગ્ય, પર્યટન, સંસ્કૃતિ અને રમતગમત, સામાજિક વિકાસ અને ઇ કોમર્સ પર ભાર મૂકવામાં આવશે.

# GUJ. HASTKALA VECHAN

રાજ્ય સરકારના સાહસ ‘ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ’ દ્વારા સંચાલિત ગરવી-ગુર્જરીએ હસ્તકલા અને હેન્ડલૂમ ઉત્પાદનોનું 25

કરોડથી વધુનું વેચાણ કર્યું છે, જે છેલ્લાં 50 વર્ષમાં સૌથી વધુ અને ગયા વર્ષ કરતાં બમણું છે..

આ સિદ્ધિ અંગે નિગમના વહીવટી સંચાલક લલિત નારાયણ સિંહ સાંદુએ જણાવ્યું કે આ મહત્વની સફળતા પાછળ વાઇબ્રન્ટ ગુજરાત સમિટનો નોંધનીય ફાળો રહ્યો છે, કારણ કે આ દરમિયાન દેશ-વિદેશના અનેક અતિથિઓ ગુજરાત આવ્યાં અને તેમણે મોટી સંખ્યામાં ગરવી-ગુર્જરી સ્ટૉલ્સની મુલાકાત લીધી હતી અને હસ્તકલાની કલાકૃતિઓની ખરીદી કરી હતી.

નિગમ દ્વારા સંચાલિત ગરવી-ગુર્જરીના સ્ટૉલ રાજ્યના અનેક સ્થળોએ અને દેશના ઘણા રાજ્યોમાં આવેલા છે. આ ગરવી-ગુર્જરીમાં હાથશાળ-હસ્તકલા ઉત્પાદનોનું વેચાણ કરવામાં આવે છે.

ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં હસ્તકલા અને હાથશાળની આગવી ઓળખ પ્રસ્થાપિત કરવા છેલ્લાં 50 વર્ષથી ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ કાર્યરત છે.

રાજ્યના અંતરિયાળ ગામોમાં વસતાં કારીગરોએ ગુજરાતના ભવ્ય અને ભાતીગળ હાથશાળ-હસ્તકલાના વંશપરંપરાગત વારસાને જીવંત રાખ્યો છે. ગુર્જરીનાં વિક્રમ વેચાણમાં આ કારીગરોની મોટી ભૂમિકા છે.

# SC- NEET/ UG

સર્વોચ્ચ અદાલતે નીટ યુજી પરિક્ષામાં કથિત ગેરરિતી મુદ્દે કરવામાં આવેલી સંખ્યાબંધ અરજીઓ પરની સુનાવણી 18 જુલાઇ પર મોકૂફ રાખી છે. સીબીઆઇએ આ મુદ્દે તેનો સ્ટેટસ રિપોર્ટ રજૂ ન કર્યો હોવાથી મુખ્ય ન્યાયમૂર્તિ ડી વાય ચંદ્રચૂડની બનેલી બેન્ચે સુનાવણી મોકૂફ રાખી હતી. બેન્ચે જણાવ્યું હતું કે,કેન્દ્ર સરકાર અને એનટીએએ અદાલતનાં 8 જુલાઇનાં આદેશને અનુરુપ

સોંગદનામા રજૂ કર્યા છે. જો કે, કેટલાંક ફરિયાદીઓ વતી હાજર રહેલા વકીલોને એ સોગંદનામા હજુ મળ્યા નથી.

# TRAIN

પશ્ચિમ રેલવે દ્વારા ગાંધીગ્રામ- ઓખા- ગાંધીગ્રામ સ્પેશ્યલ ટ્રેનની સુવિધા 24મી ઓગસ્ટ સુધી લંબાવવાનો નિર્ણય લીધો છે. ભાવનગર રેલવે ડિવિઝનના ગાંધીગ્રામ સ્ટેશનથી ચાલતી આ ટ્રેન અગાઉ જૂન સુધી ચલાવવાનું નક્કી કરાયું હતું. ટ્રેન નંબર 09435 ગાંધીગ્રામ ઓખા સ્પેશ્યલ ટ્રેન ગાંધીગ્રામ સ્ટેશનથી દર શનિવારે ઉપડે છે તે 13મી જુલાઇથી 24મી ઓગષ્ટ સુધી ચાલશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 09436 ઓખા- ગાંધીગ્રામ સ્પેશ્યલ ટ્રેન દર રવિવારે ઓખાથી ઉપડે છે તે 14મી જુલાઇથી 25મી ઓગષ્ટ સુધી ચાલશે...

# MONSOON ACTION PLAN

પશ્ચિમ રેલવેએ ચોમાસાની ઋતુ દરમિયાન સરળ અને વિક્ષેપ મુક્ત ટ્રેન સેવાઓ ચાલુ રાખવા માટે વ્યાપક પગલાં લીધા છે. વડોદરા મંડળના વરિષ્ઠ મંડળ એન્જીનિયર સુમિત ઠાકુરે જણાવ્યું હતું કે, કલ્વર્ટ, નાળા અને નાળાઓની સફાઈ અને ડિસિલ્ટિંગ, ટ્રેક પરની ગંદકી અને કચરો સાફ કરવા,વધારાના જળમાર્ગોનું નિર્માણ, ઉચ્ચ પાવર પંપની સ્થાપના,વૃક્ષોની કાપણી વગેરે જેવા કામો સમયસર પૂર્ણ કરવામાં આવ્યા છે. આ વર્ષે, વડોદરા વિભાગે પુલ અને પુલોની છબીઓ કેપ્ચર કરવા માટે રિમોટ ઓપરેટેડ ફ્લોટર કેમેરા તૈનાત કર્યા છે જે મેન્યુઅલી એક્સેસ કરવા શક્ય નથી. ભારતીય રેલ્વેમાં આ પ્રથમ વખત કરવામાં આવી રહ્યું છે.

ચોમાસાની ઋતુ દરમિયાન મચ્છરનો ઉપદ્રવ વધતાં મલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા જેવો રોગચાળો ફેલાવવાની શક્યતાઓ વધી જતી હોય છે. આ રોગચાળો વધુ ફેલાય નહિ તે માટે મહીસાગર જિલ્લા આરોગ્ય વિભાગ સતર્ક

બન્યો છે અને સમગ્ર જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા પોરા નાશક કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.. જેના ભાગરૂપે લુણાવાડા અર્બન હેલ્થ સેન્ટર દ્વારા ટીમો બનાવવામાં આવી છે. જે શહેરના અલગ અલગ વિસ્તારમાં જઈને પોરા નાશક કામગીરી કરી રહી છે તેમજ રોગચાળો અટકાવવા જન જાગૃતિ અભિયાન પણ ચલાવવામાં આવી રહ્યું છે...

# Vadodara Table Tennis

વડોદરામાં આજથી 14મી જુલાઈ સુધી ચોથી સ્ટેટ રેન્કિંગ ટેબલ ટેનિસ સ્પર્ધાનો પ્રારંભ થશે. સમા ઈન્ડોર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સમાં યોજાનારી આ સ્પર્ધામાં સ્થાનિક ખેલાડી અને પુરૂષ શ્રેણીમાં બીજો ક્રમાંક ધરાવતાં પ્રથમ માદલાણી પણ રમશે.. ઉલ્લેખનીય છે કે, આ સ્પર્ધા સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના સહયોગથી યોજાઈ રહી છે.

# National Child Health Programme

રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત બાળકોને ટીટેનસ અને ડિપ્થેરિયાની રસી આપવામાં આવે છે, જે અંતર્ગત મહેસાણા જીલ્લામાં એક પખવાડિયામાં 30 ટકા રસીકરણ પૂર્ણ કરાયું છે. જિલ્લાના રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમના નોડલ ઓફિસરના જણાવ્યા મુજબ, જિલ્લામાં 27મી જૂનથી શાળા પ્રવેશોત્સવ સાથે શાળા આરોગ્ય ચકાસણી કાર્યક્રમ પણ હાથ ધરાયો છે, જેમાં જિલ્લાના 79 હજાર બાળકોને રસી અપાશે તેમજ 3 લાખ 70 હજાર બાળકોના આરોગ્યની ચકાસણી થશે.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરના મહાદેવપુરા ખાતે માતા, શિશુ અને બાળકોના પોષણ અંતર્ગત સામાજિક અને વર્તણુક પરિવર્તન સંચાર કાર્યક્રમ યોજાયો હતો, જેમાં બાળકોના આરોગ્ય સંભાળ અંગે જાણકારી આપવામાં આવી હતી.

# MANTRI NITYANAND RAAY –DAMAN VISIT

કેન્દ્રીય ગૃહરાજય મંત્રી  નિત્યાનંદ રાયે ગઈકાલે કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર અને દમણની મુલાકાત લીધી. શ્રી રાયે દાદરા નગર હવેલી ખાતે ગલોન્ડા ગ્રામ પંચાયત અંતર્ગત 4 કરોડ 25 લાખ રૂપિયાના ખર્ચે નિર્માણધીન 11 નંદઘર  પૈકી 35 લાખના ખર્ચે બનેલા અથળ નંદઘરનું લોકાર્પણ કર્યું, તેમ જ પ્રદેશમાં ચાલતા અન્ય વિકાસકાર્યોનું નિરીક્ષણ કરી માહિતી મેળવી હતી.

ત્યારબાદ  દમણ ખાતે તેમણે રિંગણવાડા પંચાયત ઘરને વિધિવત્ ખુલ્લુ મૂક્યું હતું. આ પ્રસંગે કેન્દ્રશાસિત પ્રદેશના પ્રશાસક પ્રફુલ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.